# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

## ચેમ્બરમાં 'ધી એમેડમેન્ટ ઓન લેબર લો' વિષય ઉપર ઇન્ફોર્મેટીવ સેશન યોજાયુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'ધી એમેડમેન્ટ ઓન લેબર લો' વિષય ઉપર ઇન્ફોર્મેટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં લેબર લો કન્સલ્ટન્ટ શ્રી સોહેલ સવાનીએ તાજેતરમાં કરવામાં આવેલા સુધારા સાથેના મજુર કાયદાઓ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, અગાઉ બનાવવામાં આવેલા મજુર કાયદાઓ જે તે સમયની સ્થિતિને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા હતા. જેમાં સમયાંતરે સુધારા કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા તાજેતરજમાં પણ મજુર કાયદાઓમાં કરવામાં આવેલા વિવિધ સુધારા વિશે આજના વકતા આપણને માહિતગાર કરશે.

શ્રી સોહેલ સવાનીએ જણાવ્યુ હતુ કે, હાલમાં ૪૪ જેટલા મજુર કાયદાઓ હયાત છે. આ કાયદાઓમાં સમયાંતરે સુધારા કરવામાં આવ્યા છે. તાજેતરમાં પણ ટેક્ષેશન અને બેન્ક મર્જીનને લઇને ઘણા ફેરફારો સૂચવવામાં આવ્યા છે. ભારત સરકારે લેબર લોને રેશનલાઇઝ કરવાનો ઇનીશીએટીવ લીધો છે. આ કાયદાઓમાં ટેકનીકલી એડવાન્ટેજ સારુ બનાવવામાં આવી રહયુ છે. ઇન્ડસ્ટ્રીમાં જે મુંઝવણો સર્જાઇ રહી છે એને સામાન્ય કરવાની દિશામાં પ્રયાસ થઇ રહયા છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન દ્વારા કામદારો માટે કયાસ કાઢવામાં આવી રહયો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગુમાસ્તાધારામાં દર વર્ષે રિન્યુઅલ માટે સરકારી ઓફિસે જવુ પડતુ હતુ. એમાં પણ સુધારા સૂચવવામાં આવી રહયા છે. સંભવતઃ રૂપિયા ૨૫૦થી ૫૦૦૦ સુધીની ફી ભરીને ગુમાસ્તાધારાનું લાયસન્સ આજિવન થઇ જશે. ૯૦ દિવસ પછી પણ કર્મચારી કમ્પન્શન કરી શકશે. ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટમાં પણ એક વર્ષની મુદત કરવામાં આવી છે.

શ્રી સવાનીએ મિનિમમ વેજીસ એક્ટ ૧૯૪૮, ધી ઇએસઆઇ એક્ટ ૧૯૪૮ અને ઇપીએફ એમપી એક્ટ ૧૯૫૨ વિશે માહિતી આપી હતી. કામદારો માટેની પેન્શન યોજના વિશે પણ માહિતી આપી હતી. ઇડીએલઆઇ ૨૦૧૮માં પણ સુધારો કરવામાં આવ્યો છે. જેમાં કામદારનું અકસ્માતે મૃત્યુ થાય તો ૩૦ ટાઇમ સુધીનો પગાર એની વિધવાને મળશે. એમાં ઓછામાં ઓછા રૂપિયા અઢી લાખ અને વધુમાં વધુ રૂપિયા છ લાખ સુધી કામદારની વિધવાને મળશે.

તેમણે પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એક્ટ ૧૯૭૨ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, સરકાર ગ્રેજયુઇટીના કાયદામાં પાંચ વર્ષની મુદતને ઘટાડીને ત્રણ વર્ષ કરવા જઇ રહી છે. ફેકટરી એક્ટ ૧૯૪૮ વિશે માહિતી આપતા કહયુ હતુ કે જે કામદારની વર્ષમાં ૨૪૦ દિવસ સુધીની હાજરી હશે તેને આવતા વર્ષથી કાયદેસર રજાના લાભો આપવાના રહેશે. કામદારોના બાળકો માટે ક્રેચ રૂમની પણ વ્યવસ્થા કરવી પડશે.

આ માહિતીસભર સેશનમાં ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલાએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. વકતાશ્રીએ કારખાનેદારો તથા ઉપસ્થિત તમામના સવાલના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.